આ લાયબ્રેરી માટે મંજુર

વેનિસનો વેપારી

િસ એન્ડ સ.

., સુરત.

વેનિસનો વેપારી

પ્રસિદ્ધ કરનાર

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ

નાણાવટ, સુરત

Printed by
Narayanrao Laxmanrao Nikum at the "Shanker
Printing Press, Near Chawta Bridge, Surat.

Published by Balubhai Karsandas
of Messrs Karsandas Narandas & so
Booksellers and Publishers, Nanavat.

પ્રસ્તાવના

ગુર્જર સંસારની ગૃહદેવીઓ-મારી બેનો,

ઘર એ મધુર શબ્દમાં આખો સંસાર સમાય છે. મનુષ્યની વૃદ્ધિનું, પ્રજાની પ્રગતિનું, દેશની ઉન્નતિનું પહેલું પગથીઉં ઘર છે. જે પ્રમાણે ગ્રહમંડળમાં સૂર્ય મધ્યબિન્દુ છે અને તેના આકર્ષણથી સર્વ ગ્રહો નિયમિત ગતિમાં રહે છે, તેમ ઘર-મંડળમાં તમો મધ્યબિન્દુ છો અને તમારા પ્રેમ—આકર્ષણથી ઘરનાં સર્વજન નિયમિત ગતિમાં રહી પોતાનાં કાર્ય કરે છે. ગૃહરાજ્યમાં તમારી સત્તા સર્વોપરિ છે અને હોવી જોઈએ. માતા તરીકે તમારો દરજ્જો ઉંચો છે; તેમ તમારે માથે જવાબદારી પણ ભારે છે. તમારાં બાળકો જે આપણા દેશની ભવિષ્યની આશાઓ છે તેમની કેળવણી, તેમનું સદ્‌વર્તન તથા સદાચારની દોરવણીનો આધાર તમારા ઉપર છે. જો આપણા દેશનાં, રે આખા જગતનાં સુખદુઃખ ભવિષ્યની પ્રજા ઉપર આધાર રાખે, અને જો એ ભવિષ્યની પ્રજાનાં વર્તન તથા આચારવિચાર તમારા ઉપર આધાર રાખે તો તમારા દરજ્જાનો પ્રભાવ કેવો!

માતાઓ, તમે તમારાં બાળકોને નઠારાં છોકરાછોકરીઓની સંગત કરવા દેતાં નથી. તમો બાળકોને કહો છો કે 'સોબત તેવી અસર.' પણ તમારાં બાળકોના છુપા અગોચર સોબતીઓ છે, તેનું કેમ? નાટકો તથા સિનેમાના અધમ કામોત્તેજક દેખાવો તમારાં બાળકો જુએ છે, તેનું રાતદિન મનન કરે છે, નિર્દોષ બાળકો ઝેર સમાન થઈ પડે એવાં પુસ્તકો વાંચીને પોતાના અંતઃકરણની નિર્મળતાને મલીન કરે છે. આ બેમાલૂમ દુષ્ટ સોબતીઓની અસર કેવી હોવી જોઈએ? તમે બાળકોના સોબતીઓ ઉપર નજર રાખો છો, તો આ તેમના છુપા સોબતીઓ ઉપર વધારે નજર રાખવાની જરૂર છે.

કેળવણીના પ્રચાર સાથે પુસ્તકો વાંચવાનો શોખ વધે એ સ્વાભાવિક છે; પણ બાળકોના હાથમાં કેવાં પુસ્તકો છે તે તપાસવાનું કામ માતપિતાનું છે. પિતા તો જગતની રેંટમાળમાં રાતદિન રગદોળાએલા એટલે કદાચ આળસાઈ જાય, પણ માતાઓ, તમારી આ પવિત્ર ફરજ છે કે તમારાં છોકરાછોકરીઓ કેવાં પુસ્તકો વાંચે છે તેની તપાસ કરવી. સારાં પુસ્તકો સારા શિક્ષકો સમાન છે. ઉચ્ચ વિચારો ઉત્પન્ન કરે, સદ્‌ગુણને પોષે, ઉંચી રેહણીકરણી તરફ મનને દોરવે એવાં પુસ્તકોજ બાળકોના હાથમાં હોવાં જોઈએ. સરકારે censorship તો માત્ર બે ચાર વરસ રાખી પણ માબાપોએ censorship of books હમેશની રાખવી જોઈએ. જો રાત્રે ઘરનાં કામકાજ પછી નવરાસની વેળાએ માતાઓ પોતાનાં બાળકોને પાસે બેસાડી સારાં સારાં પુસ્તકો વાંચે અથવા વંચાવે તો એવાં વાચનથી અનેક લાભ થાય. આપણાં ઘરોમાં અરસપરસ માન, પ્રેમ, વગેરે હોય છે, પણ દુર્ભાગ્યે સ્ત્રી અને પુરુષ વચ્ચે, માબાપ તથા બાળકો વચ્ચે જોઈએ તેવી સંગતિ નથી—there is a sad lack of comradeship between the husband and the wife, between parents and children. આવી સંગતિ સ્થાપવાને રાત્રે સારા વાચનની જરૂર છે; અને તેવું વાચન પુરૂં પાડવું તે આ **ઘર ઉપયોગી વાચનમાળાનો** ઉદ્દેશ છે. એ વાચનમાળાનું પહેલું પુસ્તક આ નાની ચોપડી છે. પ્રગટ કરનાર મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સનો એવો વિચાર છે કે જો આ નાના પુસ્તકને હિંદુ, પારસી વગેરે સુજ્ઞ કુટુંબો તરફથી સારો ટેકો મળશે તો એવાં અનેક બોધદાયક નાનાં પુસ્તકો છપાવી પ્રગટ કરવાં. આવાં પુસ્તકો વાંચવાને રુચિ પ્રગટે અને ઘરઘર આવાં પુસ્તકો વંચાય એવા હેતુથી આ વાચનમાળાના પુસ્તકોની કિમ્મત બહુ થોડી રાખી છે.

સુરત.
૨૧મી મે, ૧૯૨૦.

મંચેરશાહ પાલનજી કેકોબાદ

વેનિસનો વેપારી

અંગ્રેજો હિંદુસ્તાન સાથે વેપાર કરવાને અર્થે ઇ. સ. ૧૬૧૨ માં અત્રે આવ્યા. તેમણે પોતાની પહેલી કોઠી સુરતમાં સ્થાપી કેમકે તે વખતે પશ્ચિમ હિંદનું મુખ્ય બંદર સુરત હતું. અંગ્રેજો આવ્યા એની એકસો વર્ષ પહેલાં પોર્ટુગીઝ લોકો વેપાર કરવા માટે અત્રે આવ્યા હતા. એ પોર્ટુગીઝ લોકોએ હિંદુસ્તાન આવવાનો જળમાર્ગ શોધી કહાડ્યો હતો, અને સો વરસ સુધી એમનો હિંદ જોડે વેપાર ધમધોકાર ચાલતો હતો. પોર્ટુગીઝ લોકોને આપણા લોકો ફિરંગી કહેતા હતા અને તેમના વંશજોને એજ નામે ઓળખીએ છીએ. પોર્ટુગીઝ લોકોએ હિંદ આવવાનો સીધો માર્ગ શોધી કહાડયો તે પહેલાં આરબ વેપારીઓ હિંદુસ્તાનનો માલ અહીંથી મિસરદેશ અથવા તુર્કસ્તાનને કિનારે લઈ જતા અને એ ઠેકાણે વેનિસના વેપારીઓ આવી હિંદનો માલ તેઓ પાસેથી ખરીદતા અને યુરોપખંડના બીજા દેશોમાં ભારે નફો ખાઇ વેચતા હતા.

ઇટાલી દેશમાં વેનિસ શહેર તે વખતે એટલે ઈસવીસનના પંદરમાં સૈકામાં સૌથી મોટું તથા દ્રવ્યવાન બંદર ગણાતું હતું. ત્યાંના વેપારીઓ, નાખોદાઓ, વહાણવટીઓ ઘણા સાહસિક અને અને નૌકાગમનમાં કુશળ ગણાતા હતા; તેઓ કરોડો રૂપીઆનો માલ લાવતા અને તેને દેશોદેશ સારે ભાવે વેચતા હતા. એ શેહેર નાના તથા પાસેપાસે આવેલા એવા દસપંદર ટાપુઓ ઉપર બાંધેલું છે, તેથી ત્યાં મોટા ધોરી રસ્તાઓને બદલે નહેરો આવી રહી છે અને એ નહેરો ઉપર સુંદર હોડીઓ આવજા

કરે છે. જેમ આપણાં શેહેરોમાં ઘોડાગાડીઓ તથા મોટરોમાં બેસી લોકો ફરવા જાય છે તેમ વેનિસમાં લોકો હોડીઓમાં બેસી ફરે છે, અને રાત્રે જ્યારે રસ્તાપર ને ઘરોમાં દીવા થાય છે ત્યારે તેનાં પ્રતિબિંબ નેહેરોનાં પાણીમાં પડવાથી ઉપર અને અને નીચે રોશનીનો ઝગઝગાટ થઇ રહે છે. લોકોને ગાયનનો બહુ શોખ હોવાથી તેઓ ચાંદરણી રાતે હોડીઓમાં વાજીંત્રો સાથે લઇ સહેલ કરવા નીકળે છે. રોનકદાર મકાનો, ભવ્ય મંદીરો, સ્થિર પાણીવાળી નહેરો, તે ઉપર ચાલતી રંગબેરંગી હોડીઓ, એ હોડીઓમાંથી નીકળતો વાજીંત્રોનો નાદ–આ શોભાઓ એકઠી મળવાથી વેનિસ શેહેરનો દેખાવ બહુ મોહક લાગે છે.

આ પ્રખ્યાત શહેર જ્યારે તેની પૂર્ણકળાએ પહોંચ્યું હતું ત્યારે ત્યાં એક શ્રીમંત વેપારી રહેતો હતો. તેનું નામ એન્ટોનિયો હતું. એ જેવો શ્રીમંત હતો તેવો ઉદાર પણ હતો. વેપારીઓમાં એની ધીરધાર સારી હતી કેમકે તે બહુ થોડે વ્યાજે નાણાં ધીરતો હતો અને ગરીબ માણસો પાસેથી કાંઇ પણ વ્યાજ લેતો નહિ. જ્યારે કોઇ માણસ ભીડમાં આવી પડતો ત્યારે એન્ટોનિયો તેને ઝટ મદદ કરતો અને જ્યારે તે માણસ પોતાને ધીરેલી રકમ તથા વ્યાજ લઇ તેને આપવા જતો ત્યારે તે વ્યાજ લેતોજ નહિ, અને કહેતો કે મેં તો તમારી ભીડ ટાળવા આ રકમ આપી હતી, નહિ કે વ્યાજ ખાવા. આવી ઉદાર નીતિને લીધે એન્ટોનિયો બહુજ લોકપ્રિય થયો હતો. એજ વેનિસ શહેરમાં તે વખતે એક બીજો વેપારી હતો તેનું નામ શાઇલૉક હતું. તે જાતનો યાહુદી હતો. ચંચળાઇથી વેપાર કરીને તથા વ્યાજુ ધંધો કરીને શાઇલૉકે મોટી દોલત મેળવી હતી, પણ તે એવો મખ્ખીચુસ હતો કે વ્યાજનું વ્યાજ લે પણ એક પાઈની છૂટ મૂકે નહિ.

આ કૃપણુ શાઇલાક અને ઉદાર એન્ટોનિયો વચ્ચે અણુબનાવ હોય એમાં શી નવાઈ! મોટા ચૌટામાં જ્યારે વેપારીઓ ભેગા મળ્યા હોય ત્યારે નિત્ય એન્ટોનિયો શાઇલૉકને ખીજવતો. "કેમ, શાઇલૉક આજે તારા સપાટામાં કોણુ આવ્યો? કેટલાને ગરદન માર્યા? પેલી બાપડી વિધવાનો રેંટીઓ અને ઘંટી તું વ્યાજમાં તાણી ગયો. તે હવે પોતાનું ગૂજરાન કેમ કરશે? અલ્યા, જો વાઘને દયા હોય તો તને દયા આવે." આમ રોજરોજ એન્ટોનિયો ટોળ કરી શાઇલૉકને ખીજવતો અને બધા વેપારીઓને રમૂજ પડતી. શાઇલૉક એક અક્ષર પણુ બોલતો નહિ. તેના મનમાં દ્વેષભાવ ભારે ઝામ્યો હતો. તે મનમાં બોલતો "બચ્ચા, તું મારા સપાટામાં આવ તો ખરો, પછી તને સુંઠનો સ્વાદ ચખાડીશ. તને છોડું! કદી નહિ. તને છોડું તો મારી જાતને ધિક્કાર!

એન્ટોનિયોના ઘણા મિત્ર હતા પણુ બધા મિત્રોમાં એને બૅસૅનિયો નામના એક કુલીન જુવાન ઉપર વિશેષ પ્રીતિ હતી. જેમ ધનવાન પુરુષોના લાડકવાયા છોકરાઓને દોલત કેમ મેળવાય છે તેની જાણુ હોતી નથી, અને તેમને દરકાર પણુ હોતી નથી, તેમ બૅસૅનિયોને આવક થોડી અને ખરચ વધારે હતો, અને જ્યારે ભીડ પડતી ત્યારે તે એન્ટોનિયો કને દોડી જતો. એન્ટોનિયો કદી એને ના ન કહેતો; તરત મદદ કરતો. એક દિવસે બૅસૅનિયો આવીને એન્ટોનિયોને કહેવા લાગ્યો. "મારા પરમ મિત્ર, વળી મને તારી મદદ જોઈએ છે." એન્ટોનિયો બોલ્યો "જે મારૂં છે તે તારૂંજ છે, જે જોઈએ તે લે. આપણી વચ્ચે કાંઈ અંતર છે?" બૅસૅનિયો બોલ્યો "પણ આ વખતે મને મોટી રકમ જોઈએ છે. ભાઈ, મને એક કુલીન સ્ત્રી સાથે પરણવાની ઇચ્છા થઈ છે. એના પિતા જીવતા હતા ત્યારે હું

એને ત્યાં જતો હતો. તે વખતથી અમારા વચ્ચે પ્રીતિ બંધાઇ છે, મારે પરણવાનું માગું કરવા જવું છે. ત્યાં બીજાઓ પણ આવનાર છે. એવે પ્રસંગે મારે જરા ઠાઠમાઠથી જવું જોઇએ. વળી આપણો રમુજી મિત્ર ગ્રેશ્યાનો મારી જોડે આવનાર છે. એના ટોળટપ્પાથી ગમ્મત પડશે. હું આવતે બુધવારે જવા ધારૂં છું." એન્ટોનિયો બોલ્યો–"પણ તને કેટલા ડકૅટ જોઈએ છે, તે કહેની!" (વેનિસમાં તે વખતે સોનાનો જે સિક્કો ચાલતો હતો તેની કીંમત ૯ શિલિંગ હતી અને તેને ડકૅટ કહેતા હતા.) બસનિયો બોલ્યો–મારે ૩૦૦૦ ડકૅટ હાલ જોઇશે. એન્ટોનિયો કહે–ભાઈ, મારી પાસે હાલમાં એક પાઇ નથી, મારાં સફરી વહાણો એક બે મહીનામાં આવશે, તેથી ચાલ, આપણે શાઇ-લૉકને ત્યાં જઈએ અને તેની કનેથી વ્યાજે નાણું લઇએ. એના હાથમાં રોકડ નાણું હમેશ હોય છે.

બન્ને મિત્રો શાઇલૉકને ત્યાં ગયા. બૅસૅનિયોએ કહ્યું "શાઈલૉક અમારે ૩૦૦૦ ડકૅટ જોઇએ છે. તારે જે વ્યાજ જોઇએ તે લેજે, પણ અમને આટલા ડકૅટ આજ ને આજ આપ. એન્ટોનિયો મારો જામીન થવા તૈયાર છે. તું જાણે છે કે એનાં વહાણો એક બે મહીનામાં આવી પહોંચશે, ત્યારે હું તને નાણું ચૂકવી આપીશ."

શાઈલૉક—ત્રણ હજાર ડકૅટ! ત્રણ હજાર ડકૅટ જોઇએ છે?

બૅસૅનિયો—હા, ત્રણ હજાર ડકૅટ અને ત્રણ માસની મુદ્દત.

શાઇલૉક—ત્રણ મહીનાની મુદ્દત? કેમ?

બૅસૅનિયો—હા, ત્રણ મહીના.

શાઇલૉક—ત્રણ હજાર ડકૅટ? હં! ત્રણ હજાર ડકૅટ!

બૅસૅનિયો—હા, હા, ત્રણુ હજાર ડકૅટ. ત્રણુ માસની મુદ્દત અને એન્ટોનિયો જામીન.

શાઈલૅાક—ત્રણુ હજાર ડકૅટ, ત્રણુ માસની મુદ્દત અને એન્ટોનિયો જામીન ! ઠીક, ! ઠીક ! !

બૅસૅ—કેમ, શું કહો છો ? હા કે ના.

શાઈલૅાક—એન્ટોનિયો જામીન થવા તૈયાર છે ! એન્ટોનિયો માણુસ તો સારો છે, પણુ આસામી કેવો ? સધર આસામી ?

બૅસૅનિયો—કેમ, એના સધરપણુા વિષે તમને શક છે ?

શાઈલૅાક—ના, ના, મને કશો શક નથી. આસામી સધર છે. (મનમાં–બચ્ચા તને સપાટામાં લઉં છું.)

બૅસનિયો—કેમ ત્યારે, નાણું ધીરશો ? વ્યાજ શું લેશો ?

શાઈલૅાક—એન્ટોનિયો મારી બહુ મજાક કરે છે, મને કૃપણુ, મખ્ખીચુસ, કહી ખીજવે છે; પણુ મારે એને બતાવી આપવું છે કે હું છેક એવો નથી. જાઓ, મારે તમારી પાસેથી વ્યાજ નથી લેવું. હું તમને ૩૦૦૦ ડકૅટ લાવી આપું છું.

બૅસૅનિયો—એન્ટોનિયોને આ તો નવાઇ જેવી વાત. શાઇલૅાક વ્યાજ લેવા ના કહે છે.

શાઈલૅાક—હા, હા, મારે વ્યાજ નથી લેવું.

એન્ટોનિયો—જો, શાઇલૅાક, હું તો તારી મજાક કરતો આવ્યો છું તેમજ કરીશ, હોં ! તું જાણે કે વ્યાજ ન લઉં તો એન્ટોનિયો મુંગો રહેશે પણુ તેમ થવાનું નથી.

શાઈલૅાક—તારે મારી મશ્કરી કરવી હોય તો કરજે. હું આ ટોળ કરવા માગું છું. ચાલ, મને એક દસ્તાવેજ લખી આપ કે "જો ત્રણુ માસની મુદ્દતમાં ૩૦૦૦ ડકૅટ તારાથી ન અપાય તો હું તારૂં એક શેર માંસ તારા શરીરના ગમે તે ભાગ પરથી કાપી લઉં"

ઍન્ટોનિયો—અલ્યા, આ કઈ જાતની શરત !

શાઈલૉક—હું તો ટોળ કરૂં છું. મારે વ્યાજ નથી લેવું, હું તો એક શેર માંસ લઈશ. કેમ, છે મરજી ? હોય તો ચાલો વકીલને ત્યાં.

ઍન્ટોનિયો—હા, ચાલો, હું રાજી છું.



કેમ છે મરજી ? હોય તો ચાલો વકીલને ત્યાં.

બૅસૅનિયો—ના, ના, એવી શરત કેમ લખી અપાય ! એમાં મને તો કાંઈ કપટ હોય એમ લાગે છે.

શાઈલૉક—અરે, કોણ શેર માંસ લેવાનો અને કોણ આપવાનો ! મારાથી ઍન્ટોનિયોનું માંસ લેવાય ! શી વાત કરો છો ? એ તો જરા ગમ્મત કરવા માગું છું. ચાલો વકીલને ત્યાં. હું ડકૅટ લેતો આવું છું.

બૅસૅનિયો અને ઍન્ટોનિયો વકીલને ત્યાં ગયા. શાઈલૉક પણ ૩૦૦૦ ડકૅટ લઈને ત્યાં આવ્યો. બૅસૅનિયોએ બહુએ સમજાવ્યો

તે છતાં એન્ટોનિયોએ દસ્તાવેજ પરથી સહી કરી. બૅસૅનિયો ૩૦૦૦ ડકૅટ લઈ ઘેર ગયો.

સુરતની પાસે એક સુંદર હવાખાવાનું સ્થળ છે. ડુમસ એ ગામનું નામ આજકાલ બહુ જાણીતું થઈ પડયું છે. ત્યાં શ્રીમંતોના બંગલાઓ છે, સુંદર વાડીઓ છે, દરિયા કિનારે લોકોની સગવડ માટે બેઠકો બનાવી છે. દર વરસે લોક હવાખાવાને એ ઠેકાણે આવે છે. વેનિસની પાસે ડુમસના જેવું એક સુંદર ગામ હતું. તેનું નામ બેલ્મોંટ હતું. ત્યાં એક વિશાળ વાડીની વચ્ચોવચ્ચ એક ભવ્ય બંગલામાં પોર્શિયા નામની એક શ્રીમંત બાઈ રહેતી હતી. પોર્શિયા પોતાના માબાપની એકની એક દીકરી હતી. જ્યારે એનો પિતા મરણ પામ્યો ત્યારે તે પોર્શિયાને પોતાની બધી મિલ્કત સોંપી ગયો. એ બાઈમાં કુલીનપણાનાં સર્વ લક્ષણો હતાં. તે સદ્‌ગુણી, નમ્ર સ્વભાવની, કોમળ અંતઃકરણવાળી, સુશીલ, ભણેલી ઠરેલ બાઇ હતી. જેમ પ્રાચીનકાળમાં આપણા દેશમાં સ્વયંવરનો રિવાજ હતો, તે પ્રમાણે યુરોપખંડના ઘણાખરા દેશમાં એવો રિવાજ હતો અને અદ્યાપિ છે; પણ પોર્શિયાનો પિતા ઘણો અનુભવી તથા દીર્ઘ દૃષ્ટિવાળો પુરુષ હતો. તેણે પોર્શિયાને કહ્યું હતું કે કોઇ પણ માગું કરવા આવે ત્યારે તેને આ ત્રણ નાની પેટીઓ બતાવી કહેવું કે આ ત્રણ પેટીમાંથી એક લો અને તે ખોલી તેમાં જે જવાબ લખેલો નીકળે તે પ્રમાણે ચાલો. એ ત્રણ નાની સુંદર પેટીમાંની એક સોનાની, બીજી રૂપાની અને ત્રીજી સીસાની હતી. જે કોઇ માગું કરવા આવે તે સોનાની પેટી લઈને ખોલે. તેમાં લખેલું હતું કે જેટલું પીળું એટલું સોનું નહિ; તમે બહારનું રૂપ જોનારા છો. ગુણની પરીક્ષા કરનારા નથી. તમને પોર્શિયા વરશે નહિ. આ જવાબ વાંચી ઘણાખરા નિરાશ થઇ

ચાલી ગયા. કોઇક રૂપાની પેટી ખોલતા. તેમાં પણ એવુંજ લખેલું હતું. પણ કોઇ પેલી સીસાની પેટી તરફ તો નજર પણ ન કરતા. હવે બૅસૅનિયોનો વારો આવ્યો. એ ચપળ બુદ્ધિવાળો હોવાથી વિચાર કરવા લાગ્યો કે આ પેટીઓ મારી પરીક્ષા કરવા મૂકી છે; જો હું સોના કે રૂપાની પેટી ખોલીશ તો એમ કહેવાશે કે હું બહારના સ્વરૂપથી દોરવાયો છું, માટે સીસાની પેટી લઉં. એમ વિચાર કરી તેણે સીસાની પેટી ખોલી. તેમાં લખેલું હતું કે ડાહ્યો પુરુષ તેજ કહેવાય કે જે બહારના ભપકાથી અંજાતો નથી. તેં ડહાપણથી ચૂંટણી કરી છે. તું પોર્શિયા સાથે હસ્તમેળાપ કરવાને યોગ્ય છે.

પોર્શિયા અને બૅસૅનિયો વચ્ચે પ્રથમથીજ પ્રીતિ તો બંધાઇ હતી તેથી અને વળી સીસાની પેટી ખોલવાથી પોર્શિયાના પિતાની આજ્ઞા પણ મળી તેથી બીજેજ દિવસે તેઓ પોતાના બેત્રણ મિત્રોને લઈ દેવળમાં ગયાં અને ત્યાં પ્રથમ ઈશ્વરની પ્રાર્થના કરી પછી એક એકનો હાથ ઝાલી તેઓ ધર્મગુરુ સન્મુખ ઉભા રહ્યાં. તે ધર્મગુરુએ યથાવિધિ લગ્નની ક્રિયા કરી અને તેમને આશીર્વાદ દીધા. એજ દિવસે પોર્શિયાની સખી નેરિસા, સાથે ગ્રેશ્યાનો પણ પરણ્યો. સુખમાં તથા વિનોદમાં દહાડા નીકળી જાય છે તેની જાણ થતી નથી. એક દિવસે પોર્શિયા, નેરિસા, બૅસૅનિયો, ગ્રેશ્યાનો બાગમાં ફરતાં હતાં તે સમયે એક કાસદ દોડતો આવ્યો અને એક પત્ર બૅસૅનિયોને આપ્યો. બૅસૅનિયોએ તે કાગળ વાંચવા માંડયો, અને ઓ! ઈશ્વર, આ શો કોપ, એમ કહી થરથર ધ્રૂજવા લાગ્યો અને બેભાન જેવો થઇ બેસી ગયો. “શું છે, શું છે,” એમ કહેતાં પોર્શિયા, ગ્રેશ્યાનો તથા નેરિસા તેના ભણી દોડતાં આવ્યાં. બૅસૅનિયોએ

તે પત્ર પોર્શિયાને વાંચવા આપ્યો. તેમાં લખ્યું હતું કે વહાલા બૅસૅનિયો, મારાં પાંચે વહાણોનો હજી પત્તો લાગતો નથી. તે ડુબી ગયાં હશે. શાઇલૉક ચાંપતી ઉઘરાણી કરે છે, અને મુદ્દત પુરી થવા આવી છે, માટે તેણે ફરિયાદ નોંધાવી છે. એ કહે છે કે દસ્તાવેજ પ્રમાણે હું એક શેર માંસ લઇશ, અને એ લીધા વગર રહેવાનો નથી. દસ્તાવેજ પ્રમાણે કોરટ એને અપાવશે. આમ દંડ ભરતાં હું મારો પ્રાણ ખોઈશ. મને કાંઇ દુઃખ કે દીલગીરી છેજ નહિ. મારા પરમ મિત્રને માટે મારો પ્રાણ અર્પણ કરતાં મને સંતોષ થાય છે, અને મારા અંતકાળે તું જો મારી પાસે હોય તો મારા સંતોષમાં વધારો થશે, માટે આ પત્ર વાંચી વહેલો આવજે. તારાં પત્નીને મારી સવિનય સલામ કહેજે અને કહેજે કે તમારા સુખમાં મારે લીધે આ વિઘ્ન આવી પડયું તેથી હું બહુજ ખેદ પામું છું."

પોર્શિયા બોલી—એક શેર માંસ! શાઇલૉક લીધા વગર રહેશે નહિ. માંસ શું, શાઇલૉક કોણ? આમાં મને કશી સમજ પડતી નથી.

. . .

બૅસૅનિયો—પ્રિયા, મેં તમને* પ્રથમથીજ કહ્યું હતું કે મારી પાસે દોલત નથી, જે થોડોઘણો પૈસો મને વારસામાં મળ્યો હતો તે મેં અવિચારી ખરચ કરી લગભગ ઉડાવી દીધો છે. હાલમાં મારી દોલત એટલીજ છે કે ઈશ્વરે મને એક

---

*આપણા લોકોમાં પુરુષ પોતાની સ્ત્રીને "તું" કહી બોલાવે છે, અને સ્ત્રી પોતાના ભરથારને "તમે" કહે છે. અંગ્રેજોમાં સ્ત્રી અને પુરુષ એકમેકને "તમે"જ કહે છે. હાલમાં આપણા કેળવાએલા વર્ગમાં પુરુષ પણ પોતાની સ્ત્રીને "તમે" કહી બોલાવે છે.

આબરૂદાર ખાનદાન કુટુંબમાં જન્મ આપ્યો. હું ખાનદાન છું પણ મારામાં જાતિયોગ્યતા કે સુલક્ષણ કશાં નથી.

પોર્શિયા—હવે, જાતિસુલક્ષણ છે કે નહિ તે જોવાનું કામ તમારૂં નથી, મારૂં છે, પણ આમાં શો ભેદ છે તે કહો.

બૅસનિયો—જ્યારે હું તમારે ત્યાં આવ્યો તે પહેલાં મેં મારા મિત્ર એન્ટોનિયો પાસેથી ૩૦૦૦ ડકૅટ હાથ ઉછીના માગ્યા, કારણ કે મારે પોશાક વગેરેની ખરીદી કરવી હતી. દૈવયોગે તે વખતે એન્ટોનિયો પાસે પણ રોકડ નાણું નહોતું તેથી તેણે યાહુદી શાઇલૉક પાસેથી મને ૩૦૦૦ ડકૅટ વ્યાજે અપાવ્યા, પણ આ કપટી યાહુદી જે એન્ટોનિયો ઉપર વેર રાખે છે, તેણે છળ કરી કહ્યું કે મારે વ્યાજ કે મુદ્દલ કાંઇ જોઇતું નથી, જો મુદ્દત પાકે ત્યારે ૩૦૦૦ ડકૅટ નહિ અપાશે તો હું એન્ટોનિયોનું એક શેર માંસ કાપી લઇશ. મને આમાં કપટ છે એમ સાફ દેખાયું. મેં ના કહી, એન્ટોનિયોને બહુ સમજાવ્યો, પણ મારા ભોળા ઉદાર દીલના મિત્રે માન્યું નહિ. દસ્તાવેજ લખી આપ્યો, અને મારે કારણે આ વિટંબણામાં આવી પડ્યો! ઓ ઇશ્વર! કરૂણાસિંધુ! મારા વહાલા મિત્રને સહાય થજો!

પોર્શિયા—પ્રિયતમ! હવે બેસીને હાય અફસોસ કરવાનો વખત નથી. ચાલો, બધી વાત પડતી મૂકી તમો વહેલા વેનિસ સીધાવો અને પેલો યાહુદી જેટલા પૈસા માગે તેટલા તેને આપો–બમણા, ત્રણગણા, દશગણા જેટલા માગે તેટલા આપી તમારા મિત્રને છોડવો. રોકડ નાણું મારી પાસે તૈયાર છે, તે લઇને સીધાવો અને આ ઉદાર મિત્રને લઇને વહેલા આવજો.

બૅસનિયો તથા ગ્રેશ્યાનો વિલંબ ન કરતાં એકદમ નીકળી પડ્યા અને વેનિસ જઇને જુએ છે તો બાપડા એન્ટોનિયોને

કેદખાને લઈ ગયા હતા. બન્ને જણ ત્યાં ગયા અને એન્ટોનિયોને મળ્યા, તેટલામાં શાઈલૉક ત્યાં આવી લાગ્યો. બૅસૅનિયોએ તેને ૩૦૦૦ ડકૅટ અને જે વ્યાજ માગે તે આપવા કહ્યું પણ શાઈલૉકે સાફ ના કહી. બૅસૅનિયોએ તેને સમજાવ્યો, કાલાવાલા કર્યા પણ વજ્રહૃદયનો શાઇલૉક કાંઈ માને નહિ. બીજે દિવસે એ મુકરદમો કોરટમાં નીકળવાનો હતો. આખા શેહેરમાં હાહાકાર વર્તી રહ્યો. બધા લોકોને એન્ટોનિયો ઉપર બહુ દયા આવતી. બૅસાનિયો તો ગાંડા જેવો બની ગયો હતો.

બૅસૅનિયોના ગયા પછી પોર્શિયા નેરીસ્સાને કહેવા લાગી– અલી નેરિસ્સા, તું જાણે છે કે મારી મિલ્કતનો વહીવટ કરતાં મને કાંઈક કોરટો, વકીલો, દસ્તાવેજો વગેરેનો અનુભવ થયો છે. મને વારે ઘડીએ કોરટનાં કામ કરવાં પડ્યાં છે, તેથી મારો વિચાર છે કે હું વેશ બદલી વેનિસ જાઉં, અને આપણા ઘરડા બૅરિસ્ટર મી૦ બેલેરિયોને સાથે લેતી જાઉં, માટે તું એક કામ કર, આ પત્ર લઈને બેલેરિયોને ત્યાં જા અને કહે કે બૅરિસ્ટરનો એક ઝભ્ભો અને વાળની બનાવેલી એક ટોપી મારે માટે મોકલો અને તારે માટે પણ એક ઝભ્ભો તથા ટોપી લેતી આવજે. તારે મારી સાથે આવવું પડશે. નેરિસ્સા બેલેરિયોને ત્યાં ગઇ પણ તે વૃદ્ધ વકીલ મંદવાડને લીધે બહાર નીકળવાને અશક્ત હતો; પણ એ મુકરદમો કેમ ચલાવવો તથા કયા મુદ્દા ઉપર શું બોલવું તે સર્વ વિગતે લખી નેરિસ્સાને બે ઝભ્ભા તથા બે ટોપીઓ આપી વિદાય કરી. તરત વેશ બદલી પુરુષનો વેશ ધારણ કરી બન્ને વેનિસ ગઈ અને ઝભ્ભા પહેરી સજ થઈ કોરટમાં આવી પહોંચી. કોરટમાં એજ કામ ચાલતું હતું.

ઈટાલીમાં તે વખતે સર્વોપરિ રાજ્ય ન હતું. નાનાં નાનાં રાજ્યો સ્વતંત્રપણે રાજ્ય કરતાં હતાં. તેમાં વેનિસનું પણ સ્વતંત્ર રાજ્ય હતું. જેમ હાલમાં ફ્રાન્સ અને અમેરિકા એ મોટાં પ્રજાસત્તાક રાજ્યો છે તેમ તે વખતે વેનિસ એક નાનું સરખું પ્રજાસત્તાક રાજ્ય હતું. તેનો વડો અધિકારી "ડોજ" (doge) અથવા ડ્યુક (Duke) કહેવાતો હતો. તેને વડા ન્યાયાધીશની સત્તા પણ આપેલી હતી, તેથી તે દિવસે વેનિસનો ડ્યુક વડી અદાલતમાં સર ન્યાયાધીશ તરીકે બેઠેલો હતો. તેની પાસે કેટલાક ધારાશાસ્ત્રીઓ બેઠેલા હતા. શાઇલૉક અને એન્ટોનિયો પણ ત્યાં હાજર હતા.

ડ્યુક—ફરિયાદી હાજર છે?

શાઇલૉક—હા, સાહેબ, હાજર છું.

ડ્યુક—પ્રતિવાદી ક્યાં છે?

એન્ટોનિયો—આ રહ્યો, સાહેબ, હાજર છું.

ડ્યુક—તેં આ કેવો દસ્તાવેજ લખી આપ્યો! તારે માટે મને બહુ દયા આવે છે.

એન્ટો—મારે માટે આપ આટલી દાઝ ધરાવો છો, તેથી હું આપનો ઉપકૃત થયો છું, સાહેબ.

ડ્યુક—(શાઈલૉકને), સાંભળ્યું છે કે તું આ ગરીબ કમનસીબ વેપારીને સંતાપીને આખરે છોડી મૂકનાર છે. તારો વિચાર એવો છે કે એન્ટોનિયોને એની ટોળ કરવાની રીત માટે ખૂબ સજા કરી જવા દેવો. આ ખરી વાત છે? દયા કરવી એ મોટો પુરુષાર્થ છે. ભૂલ કરનારને સજા કરવી એ માણસનું લક્ષણ છે પણ તેના ઉપર દયા કરવી એ દેવતાઈ લક્ષણ છે.

શાઈલૉક—માનવંત સાહેબ, મેં આપને જાહેર કર્યું છે કે મેં કસમ ખાધા છે કે એક શેર માંસજ લેવું, ૩૦૦૦ ડકૅટ ન લેવા. દસ્તાવેજ પ્રમાણે હું દાદ માગું છું. વેનિસની અદાલતનો ઇન્સાફ ચોખ્ખો છે, ત્યાં કોઈની લાગવગ ચાલતી નથી, ત્યાં દેશી કે પરદેશી, યાહુદી કે ખ્રિસ્તી સર્વ એકસરખા ગણાય છે. આ દસ્તાવેજમાં કહેલો દંડ અપાવો. ઇન્સાફની અદાલતમાં ન્યાયની વાત થવી જોઇએ. ઈન્સાફની રાહે ઈન્સાફ થવો જોઈએ. અહીં દયાની વાત કરવાની નથી. ક્ષમા, દયા, એ સૌ સાધુઓની વાત છે. સાહેબ, "સાધુધર્મ અને રાજધર્મ ભિન્ન છે." હું ઈન્સાફ માગું છું. વેનિસની અદાલતમાં ચોખ્ખો અપક્ષપાત ઈન્સાફ સર્વને મળતો આવ્યો છે, અને મને પણ મળવો જોઇએ. ઇન્સાફ નહિ આપો તો વેનિસની કીર્તિને કલંક લાગશે. દયા, ક્ષમા, આત્મભોગ એ સૌ મઠ અને અપાસરાની વાતો છે, અહીં અદાલતમાં ઈન્સાફ કરવાનો છે. હું ઇન્સાફ માગું છું.

ડયુક—તું ડકૅટ છોડીને મનુષ્યનું એક શેર માંસ લઈને શું કરવાનો છે? એ માંસ તને શા ખપમાં આવશે?

શાઇલૉક—ડકૅટ ન લેવા અને માંસજ લેવું એ મારા મનનો છંદ છે, મનનો ફાંટો છે, એક વિકલ્પ છે. તમે કહેશો કે અલ્યા તારી અક્કલ ગઇ છે કે શું. હું કહું છું કે છંદ આગળ અકકલનું કશું ચાલતું નથી. કોઈ વસ્તુ ઉપર ભાવ હોય છે, કોઈ ઉપર અભાવ હોય છે. ત્યાં અકકલનું કામ નથી. એ તો જાતિસ્વભાવ છે. કેટલાક માણુસો સર્પને જુએ છે તો તેમને કમકમાં થાય છે અને કેટલાક સાપને ગળે વીંટાળીને ફરે છે; કેટલાક દેડકાને જુએ છે ત્યારે તેમને સૂગ લાગે છે.

કેટલાક તેને હાથમાં પકડે છે, તેની જોડે રમે છે. કેટલાક કુતરા, બિલાડી, વાંદરાને શોખથી પાળે છે અને કેટલાકને તે તરફ અભાવ હોય છે. ભોજનની વસ્તુઓ વિષે પણ એમજ છે. કોઈને દૂધ ઉપર રુચિ હોય છે, કોઇને હોતી નથી. ભાવ અભાવ આગળ બુદ્ધિનું ચાલતું નથી. એકને એક વસ્તુ ગમે તે બીજાને ન ગમે. એન્ટોનિયો પ્રત્યે મારો જાતિઅભાવ છે, અણગમો છે, શાથી અભાવ ઉત્પન્ન થયો તે કહી શકતો નથી. એ સ્વાભાવિક છે.

બૅસૅનિયો—આ કાંઇ તારો ભાવ અભાવ નથી, આથી તું તારો દ્વેષ દેખાડે છે, તારા મનમાં વેરભાવ છે, તે સ્પષ્ટ દેખાય છે.

શાઇલૉક—ભાઇ, તું શાની વચ્ચે ટાપસી પુરે છે? તારે અને મારે શું છે? હા, હા, મારો દ્વેષ છે, ખાર છે, ડંશ છે. ગમે તે હોય, હું દાદ માંગું છું.

બૅસૅનિયો—શું જેના ઉપર ખાર હોય તેને રહેંશી નાખવો જોઇએ? આ કેવી નીતિ!

શાઇલૉક—અલ્યા તું સર્પને દેખે તેવોજ તેને મારી નાંખે, કે તે ડંખે અને પછી મારવા જાય? સર્પ ડંખે છે કે કેમ તે તું જોવા બેસતો હોઈશ, કેમ?

એન્ટોનિયો—ભાઇ બૅસૅનિયો, તું એમ ધારે છે શીખામણથી, તકરારથી કે પ્રતિબોધથી તું એનું મન ફેરવી શકીશ! વાઘને પ્રતિબોધ કરવાથી તે ગાયને ન મારવાનો? વરૂને શીખ દીધાથી તે ગરીબ ઘેટાંને જવા દેશે? એ તો પત્થરપર પાણી.

પણ એનું હૈયું તો પત્થર કરતાંએ કઠણુ છે. કોરટને અરજ કરૂં છું કે જે યોગ્ય લાગે તે ફેંસલો કરો.

બૅસૅનિયો—તારા ૩૦૦૦ ડકૅટ ને બદલે ૬૦૦૦ લે, ૯૦૦૦ લે.

શાઇલૉક—મારે ડકૅટ જોઈતા નથી. મારે તો માંસ લેવું છે. (ડયુકને) સાહેબ હવે વિલંબ કરવાનું કાંઇ કારણુ છે ?

ડયુક—આ મુકરદમામાં બરોબર ફેંસલો આપવામાં મને મદદ કરવા મેં આપણા જાણીતા વૃદ્ધ વકીલ બૅલૅરિયોને બોલાવ્યા છે.

ચોબદાર—સાહેબ, એક કાસદ તે વકીલ સાહેબ તરફથી આવ્યો હોય એમ લાગે છે. તે બારણે ઉભો છે.

ડયુક—જાઓ, તેને બોલાવો.

નેરિસ્સા પુરુષને વેશે દાખલ થાય છે, અને સવિનય નમન કરી ડયુકને એક પત્ર આપે છે.

ડયુક—તમે બૅલૅરિયો તરફથી આવ્યા છો ?

નેરિસ્સા—હા, સાહેબ, બૅલૅરિયોએ આપને સલામ કહાવી છે અને આ પત્ર આપને આપવા મને ફરમાવ્યું છે.

બૅલૅરિયો આવી શકવાનો નથી એમ જાણી શાઇલૉકે પોતાની છરી ઘસવા માંડી; અને એન્ટોનિયો તરફ જોઇ બોલ્યો, ચાલ તૈયાર થા.

બૅસૅનિયો—અલ્યા, તું આગલે અવતારે વાઘ અથવા વરૂ હોઈશ, અને તે હિંસક પ્રાણીઓનો ક્રૂર સ્વભાવ લઇને તું તારી માને પેટે અવતર્યો છે. વાઘને દયા હોય તો તને હોય, તું

બધાંને ખાઇ જાય, બધાંનું લોહી પીએ તોજ તને સુખશાતા વળે, તું વાઘ કે વરૂ જેવો સર્વભક્ષક છે.

શાઇલૉક—દસ્તાવેજમાં લખેલી શરત પાળવી પડશે. એમાં વાઘ અને વરૂનું શું કામ છે!

ડ્યુક—શરીરની અસુખાકારીને લીધે બૅલરિયો આવી શકતા નથી પણ પોતે એક વિદ્વાન બૅરીસ્ટરને મોકલ્યા છે, તેઓ ક્યાં છે?

ચોબદાર—સાહેબ બહાર ઉભા છે.

ડ્યુક—જાઓ, વહેલા જાઓ, તેમને અંદર લઇ આવો.

બૅરીસ્ટરનો ઝભ્ભો પેહેરી તથા માથે વાળની ટોપી મૂકી પોર્શિયા કોર્ટમાં પ્રવેશ કરે છે અને ડ્યુકને નમન કરે છે.

ડ્યુક—ભલે પધાર્યા. બૅલરિયો તરફથી આવો છો?

પોર્શિયા—હાજી, સાહેબ.

ડ્યુક—આ મુકરદમા વિષે તમને માહીતી છે.

પોર્શિયા—સાહેબ, હું એ મુકરદમાથી પુરેપુરો વાકેફ થયો છું. મારા વડીલ મિત્ર બૅલરિયો જોડે મારે એ વિષે ગઇ કાલે વાત થઇ હતી; અને અમે બન્નેએ એ ફર્યાદનામું પૂરા ધ્યાનથી વાંચ્યું છે. પેલો યાહુદી અને એન્ટોનિયો હાજર છે?

કોરટના હુકમથી શાઇલૉક અને એન્ટોનિયોને સામા ઉભા રાખવામાં આવ્યા.

પોર્શિયા—આ કઇ જાતનો દંડ તમે લેવા માગો છો? આવી શરત તો કોઇએ લખાવી લીધી ન હશે!

શાઈલૉક—દસ્તાવેજમાં જે લખ્યું હોય તે ખરૂં.

પોર્શિયા—(એન્ટોનિયોને) આ દસ્તાવેજ તમે લખી આપ્યો છે ?

એન્ટોનિયો—હા, સાહેબ, મેં લખી આપ્યો છે.

પોર્શિયા—આ તમારી સહી છે કે કોઇ બીજાએ તમારા તરફથી કરી છે ?

એન્ટોનિયો—નાજી, મારા તરફથી કોઈએ કરી નથી. એ મારીજ સહી છે.

શાઈલૉક—(પોતાના મનમાં) આહા ! ઠીક થયું. જો એ નામુકર જાત તો સાબીત કરવાની પંચાતીમાં હું આવી પડત. ઠીકજ થયું. ખરો, દોઢડાહ્યો.

પોર્શિયા—ત્યારે તો, શાઈલૉક, તારે દયા કરવી પડશે.

શાઈલૉક—દયા કરવામાં પણ જબરદસ્તી હોય કે ?

પોર્શિયા—દયા કાંઇ તાણીતોશીને લાવી શકાતી નથી. એ તો સ્વાભાવિક રીતે જેમ જમીનમાંથી મીઠાં પાણીનો ઝરો નીકળે છે તેમ અંતઃકરણમાંથી ઝરારૂપે નીકળે છે. દયા એ સર્વોત્કૃષ્ટ ગુણ છે. રાજામાં દયા હોય તો તે તેના મુગટ કરતાં વધારે તેને શોભા આપે છે. દયા ઇશ્વરી ગુણ છે. ઈશ્વરને આપણે દયાનિધિ, કરૂણાસાગર એમ કહીએ છીએ. તું ઈન્સાફ, ઈન્સાફ કહ્યા કરે છે, પણ જો ઇશ્વરની પ્રાર્થના કરતાં આપણે ઇન્સાફ માગીએ તો કદી આપણને મુક્તિ મળે ખરી ? તેથી, શાઇલૉક હું તને પૂછું છું કે તું ગરીબ માણસપર દયા કરતો નથી અને

કરવા સાફ ના કહે છે, ત્યારે તું ઈશ્વર પાસે દયા કેમ માગીશ? આપણે સર્વ પાપી છીએ, હવે જો ઈશ્વર પાસે આપણે ઇન્સાફજ માગીએ તો કદીએ આપણને મોક્ષ મળે ખરો? તું શેર માંસ લેવા માગે છે એટલે આ માણસની હિંસા કરવાનો તારો ઇરાદો છે. આ ઘોર પાપ માથે લેવા તું તૈયાર છે?

શાઈલૉક—મારાં પાપ મારે માથે, હાલ તો દસ્તાવેજમાં લખેલો દંડ અપાવો.

પોર્શિયા—શું એન્ટોનિયો પૈસા આપવાને અશક્ત છે?

બૅસૅનિયો—અત્રેજ કોરટમાં ૩૦૦૦, ૬૦૦૦, જેટલા કહે તેટલા આપવાને હું તૈયાર છું. એને દશગણા આપવા તૈયાર છું.

પોર્શિયા—ચાલ શાઇલૉક ત્રણગણા ડકૅટ લે, એટલા બસ થશે?

શાઈલૉક—મેં તો કસમ ખાધા છે, ઈશ્વર સમક્ષ કસમ ખાધા છે, હવે મારાથી ફરાય કે?

પોર્શિયા—ત્યારે તો, આ દસ્તાવેજ મુજબ એક શેર માંસ લેવાને કોર્ટ તને પરવાનગી આપે છે, અને કાયદો તને મુખત્યારી આપે છે.

શાઇલૉકે ઘણા ઉમંગથી એક લાંબી છરી ઘસવા માંડી અને દાંત પીસી પોતાની ખૂની આંખો એન્ટોનિયો ભણી ફેરવી બોલ્યો "ચાલ, બચ્ચા, કર તૈયારી. તારૂં પહેરણ ઉતાર. તારી છાતી ઉપરથી માંસ કાપવું છે. પોર્શિયા તરફ ફરી—કેમ સાહેબ, દસ્તાવેજમાં એમજ લખ્યું છે કેની—છાતી ઉપરથી એક શેર માંસ કાપવું.

પોર્શિયા—હા, એમજ લખેલું છે. પણ શાઈલૉક, મનુષ્ય-હત્યા એ ઘોર પાતક છે હો ! હજી વખત છે, સવેળા ચેતે તો સારૂં. કયો માણસ વેર લીધા પછી પસ્તાયો નથી.

શાઈલૉક—"વેર એ તો જગતનું રક્ષણ છે." મનુષ્ય પ્રાણી વેર લે છે. ઢોર વગેરે મુંગાં પ્રાણીઓ વેર લે છે. મધમાખ જેવાં ક્ષુદ્ર પ્રાણીઓ વેર લે છે. વેર કોણ નથી લેતું ? પોતાને ઉપદ્રવ થયા છતાં વેર ન લે એવું પ્રાણી કયું છે ? સ્વહસ્તે સજા કરીએ તે વેર કહેવાય અને સરકાર પાસે ઉપદ્રવ કરનારને સજા કરાવીએ એ દાદ માગવી કહેવાય છે. એ પણ એક જાતનું વેર કેની ? માત્ર નામ જુદાં છે. વેર એ તો સ્વરક્ષણનું સાધન છે. વેર એ સારી ચીજ છે. ધર્મપુસ્તકોમાં વેરની નિંદા કરી છે, પણ તેથી વેર લેતાં કોઈ અટકે છે ? "વેર એ તો જગતનું રક્ષણ છે." સરકારે કાયદા બાંધ્યા છે તે શાને માટે ? વેર લેવા માટે. કોઈ સખસ તમારા ઘરને આગ લગાડે, તમે તેના ઉપર ફરિયાદ કરો, કાયદો તેને સજા કરે છે. એ સજા તે શું ? વેર નહિ તો બીજું શું ? વેર તો લેવુંજ જોઈએ. જો લોકો વેર લેવાનું મૂકી દે તો ઉપદ્રવ કરનારાઓની સંખ્યા વધી પડે અને માણસ જાતનો અંત આવી જાય. હવે તમને હું સાફ કહું છું કે કોઈ માણસની જીભમાં એટલી શક્તિ નથી કે મારો દ્દઢ વિચાર ફેરવી શકે.

એન્ટોનિયો—સાહેબ, હું દંડ આપવાને તૈયાર છું.

શાઈલૉકે છરી ઘસવા માંડી.

પોર્શિયા—(એન્ટોનિયોને) તમારે કાંઈ કહેવું છે ?

એન્ટોનિયો—મારે વધારે કાંઈ કહેવું નથી. વહાલા બૅસૅનિયો, છેલ્લી સલામ ! તું મારે માટે શોક કરીશ નહિ. મારાથી કોઈને દુ:ખ થયું નથી, મારાથી જેટલી થઈ તેટલી મેં મારા મિત્રોની સેવા બજાવી છે. આથી મને બેહદ સંતોષ થાય છે. એ સંતોષની ઢાલ ઉપર દ્વેષ, વેર, ખારની તલવાર કાંઈ કરી શકતી નથી. મરણને માટે હું તૈયાર છું, મરણ મને શું કરનાર છે. મારો આત્મા અમર છે. આત્માને માટે મરણ એ એક બારણું છે. તે બારણું ઉઘડે તોજ આત્મા કૈલાસે જઈ શકે.

પોર્શિયા—શાઇલૉક, માંસ તોળવાને ત્રાજવાં લાવ્યો છે કે ?

શાઈલૉક—આ છરી લાવ્યો, ત્યારે વળી ત્રાજવાં લાવતાં ભૂલી જાઉં ખરો ?

પોર્શિયા—અલ્યા, શાઇલૉક, તારે ખરચે એક ડૉકટરને બોલાવ, નહિ તો આ બાપડો લોહી જવાથી મરણ પામશે.

શાઇલૉક—દસ્તાવેજમાં એમ લખ્યું છે કે ડૉકટરને મારે હાજર રાખવો ?

પોર્શિયા—દસ્તાવેજમાં તો નથી લખ્યું, પણ તેમાં શું થઇ ગયું ? એટલું કરશે તો પૂણ્ય લાગશે.

શાઈલૉક—દસ્તાવેજની શરત અક્ષરે અક્ષર બજાવવાની છે. એમાં વધઘટ થાય નહિ.

પોર્શિયા—એમ છે કે ? અક્ષરે અક્ષર શરત પાળવાની છે. તેમાં કશી વધઘટ થાય નહિ કેમ ?

શાઈલૉક—આપ મોટા ધારાશાસ્ત્રી છો, એટલે કહેવાની શી જરૂર છે ?

પોર્શિયા—ઠીક ત્યારે એક શેર માંસ કાપી લે, પણ લોહીનું એક ટીપું ન પડે. દસ્તાવેજમાં માત્ર આજ લખેલું છે કે એક શેર માંસ એન્ટોનિયોની છાતી ઉપરથી કાપી લેવું. તું કહે છે કે અક્ષરે અક્ષર શરત પાળવાની છે. માટે ચાલ, શેર માંસ કાપી લે. લોહી પડે નહિ એટલી સંભાળ લેજે.



ઠીક, ત્યારે, એક શેર માંસ કાપી લે, પણ લોહીનું એક ટીપું ન પડે

શાઈલૉક જે છરી લઈને માંસ કાપવાને ટમટમી રહ્યો હતો તે જાણે વિજળીનો આચકો લાગ્યો હોય તેમ શૂન્ય જેવો બની ગયો. તેના હાથમાંથી છરી તેમજ ત્રાજવાં પડી ગયાં અને બેત્રણ પળ સુધી પોર્શિયા સામે એકીટસે બેબાકળા બની તેણે જોયા કીધું. પછી તે બોલ્યો હેં! શું ? શું ?

પોર્શિયા—અલ્યા મૂઢ જેવો ઉભો શું રહ્યો છે, મેં તને જે કહ્યું તેની સમજ પડે છે કે નહિ ?

શાઇલૉક—શું કાયદો આમ ફરમાવે છે?

પોર્શિયા—તેં પોતેજ કહ્યું છે કે અક્ષરે અક્ષર શરત પાળવાની છે, માટે ફક્ત એક શેર માંસ કાપી લે.

શાઇલૉક—પણ લોહી રેડ્યા વગર માંસ કપાતું હશે વારૂ?

પોર્શિયા—અક્ષરે અક્ષર શરત બજાવવાની છે. તું પોતે આ અદાલતમાં અનેકવાર બોલી ચૂક્યો કે "મારે દંડજ લેવો છે, દસ્તાવેજમાં લખેલી શરત પ્રમાણે ચાલવું છે, અક્ષરે અક્ષર શરતને વળગી રહેવું છે." ચાલ, ત્યારે ટગમગ જોયા શું કરે છે? શેર માંસ કાપી લે. કોરટ તને પરવાનગી આપે છે, કાયદો તને મુખત્યારી આપે છે.

બૅસૅનિયો—અલ્યા શાઇલૉક હાથનાં કીધાં હૈયે વાગે તે આનુંજ નામ હો!

અદાલતમાં લોકોની ભારે મેદની ભરાઇ હતી. સર્વજન ઉદાસ થઇ બાપડા એન્ટોનિયોનું શું થાય છે તે જોવાને આતુર હતાં. તેમાં કેટલાક તો અંતઃકરણથી ઇશ્વરની પ્રાર્થના કરતાં હતાં કે કોઇ પણ પ્રકારે એ બાપડો આ સંકટમાંથી ઉગરે. કોરટમાં એકઠા મળેલા લોકોએ તો રક્તપાતની વકી રાખેલી અને એન્ટોનિયોનું શું થશે તેની ફિકરમાં હતા તેવામાં એકાએક શાઇલૉકનો અવળો પાસો પડતો જોઇ બધાએ સંતોષનો નિશ્વાસ મૂકયો. "શેર માંસ લે. પણ લોહી રેડીશ નહિ"—આ મુદ્દો જુવાન બૅરિસ્ટરે દસ્તાવેજમાંથી ખેંચી કહાડયો અને બાજી તદન બદલાઇ ગઇ એ જોઇ લોકોનો હર્ષ એકદમ પ્રગટી નીકળ્યો. "વાહ! વાહ! ધન્ય છે તારી કુશાગ્ર બુદ્ધિ તથા બાહોશીને"

બીજાઓ બોલ્યા "આતો જાણે ખુદાતાલાએ ફરેશ્તો મોકલ્યો." કેટલાક તેઓમાં ઘરડા હતા તે બોલ્યા–"એ તો બૅલૅરિયોની બલિહારી. તેણેજ આ મુદ્દો પકડયો હશે. ભાઇ, ઘરડાઓ વગર ગાડાં ન વળે."

શાઈલૉક ગળગળો બની ગયો ને બોલ્યો "ચાલો, મને ૩૦૦૦ ડકૅટ અપાવો. મારે શેર માંસ નથી જોઇતું.

બૅસૅનિયો—હા, લે આ રહ્યા ૩૦૦૦ ડકૅટ.

પોર્શિયા—ના, ડકૅટ હવે એનાથી લેવાય નહિ, એણે અનેકવાર આ કોર્ટમાં કહ્યું છે કે "મારે તો શેર માંસ લેવું છે." એનાજ બોલોમાં કહું તો ઈન્સાફની રાહે ઈન્સાફ થવો જોઈએ.

અલ્યા શાઈલૉક મારે તને કાંઈ બીજું પણ કહેવું છે.

શાઈલૉક—વળી બીજું પણ હજી કહેવું છે ?

હવે શાઇલૉક તદ્દન આશાભંગ થઈ ગયો. કોરટ તાળીના અવાજથી ગાજી રહી. કોરટની અંદર ઉભેલાઓએ જે બહાર હતા તેમને કહ્યું અને જે બહાર ઉભા હતા તેઓએ રસ્તે ચાલતાઓને કહ્યું કે એક જુવાન બાહોશ વકીલે એક એવો મુદ્દો શોધી કહાડયો કે જેથી શાઈલૉકની ક્રૂર ધારણા નિષ્ફળ ગઇ અને એન્ટોનિયોનો જીવ બચ્યો, અને આખા શેહેરમાં વાત ફેલાઇ ગઈ.

પોર્શિયા—મારે બીજું આ કહેવાનું છે કે તારે એક શેર માંસ તો કાપી લેવું પડશેજ પણ તે એક શેરજ હોવું જોઈએ, એક રતિભાર પણ વધારે કે ઓછું હોવું ન જોઇએ.

આ પ્રમાણે સ્પષ્ટ લખેલું છે—એક શેર માંસ કાપી લેવું. માટે જરી પણ વત્તું કે ઓછું હોવું ન જોઇએ. ચાલ, જોયા શું કરે છે.

શાઇલૉક—મને મુદ્દલ અપાવો, મારે વ્યાજ નથી જોઇતું.

ઍસૅનિયો—લે, તારા ૩૦૦૦ ડકૅટ. મારી પાસે તૈયાર છે.

પોર્શિયા—ઉભા રહો. એ કહી ચૂકયો છે કે મારે તો દંડજ લેવો છે, ત્યારે હવે વ્યાજ કે મુદ્દલની વાત કેવી !

શાઇલૉક—શું ત્યારે મારા ધીરેલા પૈસા જાય ? તે પણ ન લઉં ?

પોર્શિયા—તારાજ શબ્દોમાં કહું છું-દસ્તાવેજમાં એમાંનું કશું લખેલું નથી. દસ્તાવેજની શરત અક્ષરે અક્ષર પાળવાની છે.

શાઇલૉક (મનમાં)—તારૂં નખ્ખોદ જજો. તેં આવીને મારી બાજી ઉલટાવી નાખી. મને લાગે છે કે મારા દહાડાજ વાંકા બેઠા છે. (કોરટને) હું ફરિયાદ ખેંચી લઉં છું. મને ઘેર જવાની રજા આપો.

પોર્શિયા—ઉભો રહે, શાઇલૉક, મારે એક બીજા મુદ્દા ઉપરથી તને પકડવાનો છે. તું આમ છટકી જવા માગે છે તે તારાથી છટકાવાનું નથી. વેનિસના કાયદામાં એક એવી કલમ છે કે કોઇ પરદેશી વેનિસના રહીશની સામા કાવત્રું કરીને તેને નુકસાન પહોંચાડે તો તેની અર્ધી મિલ્કત રાજ્ય જપ્ત કરે અને અર્ધી જે સખસની સામા તરકટ કર્યું હોય તે લે; અને તે પરદેશીને સજા કરવી કે માફી આપવી એ નામદાર ડયુકના અખત્યારની વાત છે.

આ સાંભળી શાઈલૉકનો જીવજ ઉડી ગયો. શુધબુધ વિનાનો મૂઢ જેવો ઉભોજ રહ્યો.

એન્ટોનિયો(ડ્યુકને)—નામદાર સાહેબ, મારે એની અર્ધી દોલત નથી જોઈતી. એણે પોતાની એકની એક છોકરીને વારસામાંથી બાતલ કરી છે કેમકે તે એક ખ્રિસ્તી સાથે અને એની મરજી વિરુદ્ધ પરણી છે. જો એ પોતાના વસીયતનામામાં પોતાની અર્ધી દોલત તેને લખી આપે તો મારે એની દોલતનો અર્ધો ભાગ જોઈતો નથી.

શાઈલૉકનો જીવ ઘાંટીમાં આવી રહ્યો હતો, તે હવે ઠેકાણે પડ્યો અને તે બોલ્યો—નામદાર સાહેબ, હું તેમ કરવાને રાજી છું.

ડ્યુક—ત્યારે હું તને સજા નથી કરતો, તને માફ કરૂં છું. તું માફી માગે તે પહેલાં હું તને માફી બક્ષું છું. તારી નિરાધાર વૃદ્ધાવસ્થાપર મને દયા આવે છે. તું કહેતો હતો કે "ઇન્સાફની રાહે ઇન્સાફ થવો જોઈએ." જો ઈન્સાફ કરૂં તો તું સજાને પાત્ર હોવાથી સજા પામે. પણ તેમ હું કરતો નથી. કેમ હવે તને લાગે છે કે દયા એ ઈશ્વરી ગુણ છે ? જો તેં પ્રથમથીજ દયા કરી હોત તો આ બધા ગૃહસ્થો જે તારા શત્રુ બન્યા છે તે તારા ઉપકાર તળે રહેત અને તું માન તથા શોભા સાથે કોરટમાંથી વિદાય થાત.

શાઈલૉક—સાહેબ, હું તો દયા કરૂં છું. ત્રણ હજાર ડકૅટ હું નથી લેતો." આ ઉપરથી કોરટમાં હસાહસ થઇ રહી.

ડ્યુક—એ તો **अशक्तिवान् भवेत् साधुः।** તેના જેવું થયું. તારૂં કાંઇ ચાલતું નથી તેથી દયા બતાવે છે. જ્યારે સજા કરવી

આપણા અખત્યારમાં હોય તે વખતે ઉદાર મન રાખી દયા કરીએ તે દયા કહેવાય. અણચાલતે દયા કરવી એ દયા નહિ કહેવાય.

શાઇલૉક—"સાહેબ, મારા જીવને અકળામણ થાય છે, મારાથી ઉભા રહેવાતું નથી. હું ઘેર જાઉં છું મને રજા આપો.

ડયુક—તને રજા છે, જા. તારૂં વસીયતનામું લખીને કૅારટમાં નોંધાવજે. હર્ષના પોકાર તથા તાળીઓ વચ્ચે કૅારટ બરખાસ્ત થઇ. જતાં જતાં ડયુકે એન્ટોનિયો તથા બૅસૅનિયોને કહ્યું "આ જુવાન બૅરિસ્ટરનો તમારા ઉપર મોટો ઉપકાર થયો છે. એમની મહેનત તથા હોશિયારીને છાજે એવું ઇનામ આપજો."

એન્ટોનિયો તથા બૅસૅનિયોએ પેલા બૅરિસ્ટર (પોર્શિયા)ને કહ્યું "મહેરબાન સાહેબ, તમારો ઉપકાર શબ્દો વડે બતાવી શકાય અથવા પૈસા વડે વાળી શકાય એવો નથી. જીવીશું ત્યાં લગી તમારો ઉપકાર અમારે માથે રહેશે. છતાં અમારા માન તથા ઉપકારની એધાણી તરીકે આ ત્રણ હજાર ડકૅટ આપ સ્વીકારવા કૃપા કરશો. તમારે લાયક અમારાથી કશું બનતું નથી.

પોર્શિયા—ગૃહસ્થો તમને આ સંકટમાંથી ઇશ્વરે ઉગાર્યા છે, તેણે મને પ્રેરણા કરી ત્યારેજ મને 'લોહી ન રેડવું" એ મુદ્દો સૂઝયો. ઇશ્વરના હાથમાં હું સાધનભૂત થયો છું. આ કામ ફતેહમંદીથી પાર ઉતર્યું તેથી મને શબ્દાતીત સંતોષ થાય છે. એજ મારૂં ઇનામ.

બૅસૅનિયો—આ ત્રણ હજાર ડકૅટ આપની "ફી" નથી પણ અમો ગરીબના ઉપકારની એધાણી છે.

પોર્શિયા—જો ના કહું છું તો તમો જેવો સદ્‌ગૃહસ્થોનાં મન દુભાય છે. તમારી એમજ મરજી છે કે મારે એધાણી દાખલ કાંઇ પણ લેવું. ચાલો, ત્યારે આ તમારી વીંટી લઉં છું.

એમ કહી બૅસૅનિયોનો હાથ પકડી વીંટી લેવા માંડી. બૅસૅનિયો તો હાંફળો ફાંફળો બની ગયો અને બોલ્યો—સાહેબ, આ વીંટીની કિમ્મત નજીવી છે, હું આપને બીજી ભારે મૂલ્યની વીંટી લઇ આપીશ.

પોર્શીયા—ભારે રત્નજડિત વીંટી હશે તે મારે શા ખપની, મારે તો તમારી વીંટી જોઇએ છે.

બૅસૅનિયો—સાહેબ, આ વીંટી મારાં પત્નીએ પરણતી વખતે મને આપી હતી. તે વીંટી મારાથી ન અપાય. એજ કારણથી ના કહેવાની બેઅદબી કરૂં છું. આ અસભ્યતાને લીધે મને ખેદ થાય છે. સારામાં સારી વીંટી જે વેનિસમાં મળી શકે તે હું શોધી કાહાડીશ અને આપને આપીશ.

પોર્શિયા—મારા મહેરબાન, તમે પણ પેલા શંખવાળી વાતો કરો છો. અલ્યા શંખ લાવ લાખ, તો કહે લે સવા લાખ. ગજ ભરી જાઓ છો પણ તસુ ફાડતા નથી.

આમ કહી પોર્શિયા જાણે ગુસ્સે થઈ હોય એમ ડોળ બતાવી ચાલવા માંડયું.

એન્ટોનિયો—ભાઈ બૅસૅનિયો, તારાં પત્ની શાણાં વિચારવંત બાનુ છે. તેમને સમજ પાડીશું કે આવા કારણને લીધે વીંટી આપવી પડી છે, તો તેઓ સમજી જશે.

બૅસૅનિયોએ વીંટી કહાડી ગ્રેશ્યાનોને આપી અને બોલ્યો—દોડ, ગ્રેશ્યાનો, આ વીંટી પેલા બૅરિસ્ટર સાહેબ જાય છે તેને આપી આવ અને કહેજે કે મારાથી અવિવેક થયો છે, માટે માફ કરજો.

ગ્રેશ્યાનો—"સાહેબ, જરી ઉભા રહો" એમ બૂમ પાડતો દોડી પહોંચ્યો અને પેલી વીંટી આપી બોલ્યો—મારા મિત્ર બૅસૅનિયોએ આ વીંટી મોકલી કહાવ્યું છે કે મને કૃતઘ્ની અથવા કૃપણ ધારશો નહિ. શા કારણથી ના કહેવી પડી તે વિષે આપ સુજ્ઞ છો એટલે વધારે કહેવાની અગત્ય નથી.

નેરિસ્સા—તમો જાણો છો કે સાક્ષી પુરાવા લખવામાં મને પણ ઘણો શ્રમ પડયો હતો. ત્યારે શું હું ખાલી હાથે જાઉં? મને આ તમારી વીંટી બહુ ગમે છે, એ મને આપો.

ગ્રેશ્યાનો—(મનમાં) ભોગ લાગ્યા. સૂડી વચ્ચે સોપારી. જો ના કહું છું તો મખ્ખીચુસમાં ખપીશ, જો આપી દઉં તો ઘરમાં પંચાતી થવાની; જે થાય તે ખરૂં, (નેરિસ્સાને) લો, સાહેબ, આ મારી વીંટી. શાઇલૉકની પંચાતી એઓ સાહેબે ચુકવી, હવે મારે ત્યાં જે પંચાતી થશે તે તમે ચુકવવા આવજો. (સ્વગત—પરણીને આપદામાં આવી પડયો છું. પરણ્યામાં કાંઈ સાર નથી હોં!)

પોર્શિયા—બેન નેરિસા, ચાલો સવેળા બેલ્મોંટ જઈએ. વિલંબ કરવાનું કારણ નથી. હું ધારૂં છું કે બૅસૅનિયો અને ગ્રેશ્યાનો એન્ટોનિયોને લઇ સવારે આવી પહોંચશે. તેઓ આવે તે પહેલાં આપણે ત્યાં પહોંચવું જોઇએ.

પોર્શિયા અને નેરિસા બેલ્મોંટ પહોંચ્યાં. તે વખતે મધરાત થઇ હતી ચંદ્રનો રૂપેરી પ્રકાશ પડતો હતો અને બુલબુલ પક્ષી બાગનાં ઝાડમાં ગાઇ રહ્યું હતું.

પોર્શિયા—આજે મને ચંદ્રનો પ્રકાશ નિત્ય કરતાં વધુ મોહક લાગે છે અને બુલબુલનું ગાયન અસાધારણ મીઠું લાગે છે. આ નાનો દીવો જે મારા ઓરડામાં પ્રકાશે છે તેનું તેજ પણ આજે નવીન પ્રકારનું લાગે છે.

નેરિસ્સા—બેન પોર્શિયા, સુકૃત્યનો પ્રભાવ એવોજ છે. "મેં આજે એક સારૂં કામ કર્યું, મારાથી એક જનનું કલ્યાણ થયું છે." એવું જયારે આપણને અંદરથી લાગે છે ત્યારે મનમાં એક નવીન આનંદ વર્તી રહે છે અને તે આનંદ મન દ્વારા નીકળી સર્વ વસ્તુ ઉપર પડે છે અને તેથી સર્વ વસ્તુ મોહક લાગે છે.

આમ તેઓ વાતો કરતાં હતાં એટલામાં રાત્રીનું સ્વરૂપ બદલાયું હોય એમ તેમને લાગ્યું. પોહ ફાટયો. અરૂણનો ઝાંખો ભુલામી પ્રકાશ પૂર્વમાં થયો. કુકડાઓ બાંગ પોકારવા લાગ્યા. બીજાં પક્ષીઓ જાગૃત થયાં અને રાત્રીનો અમલ ઉતરી ગયો એટલે બુલબુલ મૌન ધારણ કરી ઝાડના જૂથમાં સંતાઇ ગયું. પોર્શિયા તથા નેરિસ્સાએ પોતાનો પોશાક પહેરી લીધો અને નાસ્તાની તૈયારી થતી હતી એટલામાં ઘોડાનાં પગલાં દૂરથી આવતાં સંભળાયાં અને થોડીવારમાં ત્રણ ઘોડેસ્વારો બારણા આગળ ઉતરી પડ્યા. પોર્શિયા અને નેરિસ્સાએ બહાર આવીને તેમને આવકાર દીધો.

"આ મારા વહાલા મિત્ર એન્ટોનિયો" આમ કહી બૅસૅનિયોએ પોર્શિયા જોડે એન્ટોનિયોનું ઓળખાણુ કરાવ્યું. પોર્શિયાએ નમન કરી (યૂરોપીઅન રીત પ્રમાણે) "શેકહૅન્ડ" કર્યું અને બોલી-તમો ભલે પધાર્યા. મારા બૅસૅનિયોના મિત્રને આવકાર દેતાં મને આનંદ થાય એમાં પૂછવું શું, પણ તમો આવી આફતમાંથી ઉગર્યા અને મારે ત્યાં પધાર્યા તેથી તમોને આવકાર દેતાં મને બેવડો આનંદ થાય છે. તમો મારા બૅસૅનિયોના વડીલ મિત્ર છો, એટલે અમારા મુરબ્બી છો. આવો અંદર આવો, અમારૂં ઘર પાવન કરો. સર્વે ઘરમાં દાખલ થયાં. પોર્શિયા બોલી "આવા સંકટમાંથી તમારો અણધાર્યો છુટકારો થયો તેથી હું ઇશ્વરનો પાડ માનું છું અને તમોને મુબારકબાદી આપું છું."

એન્ટોનિયો—બેન તમો સત્ય કહો છો. મેં તો ધાર્યું હતું કે મારા દહાડા ભરાઇ ચુકયા છે પણ ભાવિ લેખ મટતા નથી. ઇશ્વરી તંત્રમાં એવી ગોઠવણ થઈ હશે કે મનુષ્યરૂપે એક ફરેશ્તો આવીને મને બચાવે કારણ કે જે જુવાન બૅરિસ્ટરને ન્યાયાધીશે બોલાવ્યો હતો તે મારા મન થકી જાણે એક ફરેશ્તોજ આવ્યો હોય એમ હજી મને લાગે છે. તમારા પ્રેમાળ આવકાર અને તમારાં અભિનંદનને માટે ઉપકાર માનું છું.

નેરિસ્સા—(એન્ટોનિયોને) સાહેબ, બે ફરેશ્તા આવ્યા હતા, કેમ વારૂ ? એકે આવી આપને ઉગાર્યા અને બીજો આવીને મારા પતિની વીંટી લઈ ગયો, કેમ ? (ગ્રેશ્યાનોને)-મુદ્રિકા કયાં છે, મુદ્રિકા ?

ગ્રેશ્યાનો—(મનમાં) કમબખ્તી ! ધાડ આવી. પરણ્યામાં સાર નથી. (નેરિસ્સાને)-મુદ્રિકા ! તે શું ?

નેરિસ્સા—અરે, વીંટી, વીંટી જે મેં તમને આપી હતી.

ગ્રેશ્યાનો—ત્યારે એમ કહેની, વીંટીની મુદ્રિકા કેમ થઇ ગઇ!

નેરિસ્સા—તેના ઉપર મુદ્રાલેખ હતો તેથી મુદ્રિકા કહું છું.

ગ્રેશ્યાનો—આટલી નાની સરખી નજીવી વસ્તુ તેનું આવડું લાંબુ નામ--મુ–દ્રિ–કા!

નેરિસ્સા—તેને તમે નજીવી કહો છો! તે ઉપરનો લેખ વાંચ્યો હતો કે?

ગ્રેશ્યાનો—આ કયાં આપદામાં આવી પડયા! મેં ઍસૅનિ-ચોને પ્રથમથીજ ના કહી હતી કે ભાઈ પરણ્યામાં સાર નથી.

નેરિસ્સા—તે લેખ વાંચ્યો હતો કે? "પ્રીતિ અખંડ રાખજો, અને મને ભૂલશો નહિ." હવે તે વીંટી નજીવી કહેવાય કે? આ લેખની કિમ્મત શું ધારો છો?

ગ્રેશ્યાનો—શું વીંટી ગઇ એટલે પ્રીતિ ખંડિત થઇ? અને હું તમને ભૂલી ગયો? શી વાત કરો છો?

નેરિસ્સા—"જીવીશ ત્યાં લગી આ વીંટી સંભાળીને રાખીશ" એવું વચન આપ્યું હતું, અને એજ દિવસમાં વીંટી કોણ જાણે કોને આપી આવ્યા. પ્રેમ શું છે, હૃદય કેમ ખિન્ન થાય છે તેની તમો પુરુષોને કશી દરકાર નથી. મારી વીંટી વિષે મને શકા થાય છે, કોણ જાણે કોને આપી હશે!

ગ્રેશ્યાનો—પ્રેમ–હૃદય—મસ્તક—બ્રહ્માંડ--તમો સ્ત્રીઓના તરંગના વેગથી હદ્દ થઈ! શંકા રાખવાની કશી જરૂર નથી. બૅરીસ્ટરની જોડે તેમના મદદનીશ આવેલા હતા. તેઓએ આગ્રહ કરી માગી અને મેં તેને આપી.

નેરિસ્સા—તેને તમારે કહેવું હતું કે આ વીંટી મારી સ્ત્રીએ પોતાના પ્રેમની એધાણી દાખલ મને આપી છે, તેથી હું આપી શકતો નથી. મેં તેને વચન આપ્યું છે કે તમારી વીંટી કોઈને આપીશ નહિ, તેથી આ નહિ, પણ બીજી એથી વધારે મૂલ્યવાન વીંટી હું તમને આપીશ. આમ જો તેને કહ્યું હોત તો તે ગૃહસ્થ (જો તે ગૃહસ્થજ હોત તો) વધુ આગ્રહ કરત નહિ.

ગ્રેશ્યાનો—ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. ચાલો, મને બીજી વીંટી આપો, અને હું તમને ફરી વચન આપું છું, એટલે આ પંચાતી મટી, કેમ ?

પોર્શિયા—(હસીને) ગ્રેશ્યાનો, તમે આમ ટોળ ટપ્પા કરી ઉડાવવાની વાતો કરો છો. મેં મારા બૅસૅનિયોને એવીજ એક વીંટી આપી છે. તેઓ કોઈના આગ્રહથી ડગે એવા નથી.

બૅસૅનિયો—(એન્ટોનિયોને કાનમાં) વાદળાં ચોતરફથી ઘેરાવા માંડયાં છે, હવે વાવાઝોડાં અને વૃષ્ટિની તૈયારી, હોં !

ગ્રેશ્યાનો—બેન, તમો સ્ત્રી જાતિનો અમલ ગૃહરાજ્યમાંજ ચાલે છે. પરણ્યા પહેલાં તમારો સંબંધ માતપિતા, ભાઈબેનો, સગાં સંબંધી સાથે હોય છે, પરણ્યા પછી પતિ, બાળકો જોડે હોય છે. ગૃહરાજ્ય જ્યાં સ્ત્રી કે માતાનો અમલ ચાલે છે ત્યાં સૌ સ્ત્રીજાતિનાં પ્રેમ, મમતા, નિસ્વાર્થપણાના બંધનથી બંધાયલાં હોય છે. એ રાજ્યમાં એક વચની થવામાં વિઘ્ન નડતાં નથી, પણ બહોળા સંસારમાં અમો પુરુષોને અનેક સંજોગો વચ્ચે અનેક સંબંધમાં આવવું પડે છે ત્યાં ઘરના જેવી સરળતા મળતી નથી.

બૅસૅનિયો—અલ્યા ગ્રેશ્યાનો, આવી ગંભીરતાથી બોલતાં તને આજેજ સાંભળ્યો ! બેન નેરિસ્સા, એક સમર્થ બળદને તમે નાથ્યો છે.

ગ્રેશ્યાનો—મને બોલતાં અટકાવો ના. બેન પોર્શિયા–જે બૅરિસ્ટરે આવી અમૂલ્ય સેવા બજાવી તેને જે માગે તે આપણે આપવું જોઇએ. બૅસૅનિયોએ તેને ૩૦૦૦ ડકૅટ આપવા માંડયા તે તેણે ન લીધા અને તમારી વીંટી જે બૅસૅનિયોની આંગળીએ હતી તે તેણે માગી. બૅસૅનિયો ગભરાયો અને બોલ્યો આ વીંટી મારાથી ન અપાય, હું બીજી ઘણીજ મૂલ્યવાન વીંટી તમને લાવી આપીશ. તે બોલ્યો મારે મૂલ્યવાન વીંટીની શી દરકાર છે, મને તો આ તમારીજ વીંટી જોઇએ છે. શું તમે મને ભિક્ષુક સમજો છો ? આમ ક્રોધનાં વચન કહી ચાલવા માંડયું. હવે જો વીંટી ન આપે તો બૅસૅનિયો મખ્ખીચુસમાં ગણાય અને જો આપે તો વચન ભંગ કર્યું કહેવાય. આવી ઢચુપચુ સ્થિતિમાં એન્ટિટો-નિયોની સલાહ ઉપરથી બૅસૅનિયોએ વીંટી મારી જોડે મોકલી. હું દોડતો તેની પાછળ ગયો અને વીંટી આપી. તે ઉપરથી તેના મદદનીશે મારી વીંટી માગી એટલે મારે પણ આપવી પડી.

પોર્શિયા—બૅસૅનિયોનો બચાવ કરવા તમે ઠીક વકીલ થઇ આવ્યા છો, પણ વીંટી તો તમો બન્ને જણા આપી આવ્યા. અફસોસ ? તમો પુરુષોનો શો ભરોસો.

બૅસૅનિયો—હું મારા બચાવમાં કાંઇ વધુ કહેતો નથી, પણ સત્ય માનજો કે જો તમે ત્યાં હોત તો તેની લાયકી તથા આગ્રહ જોઈ તમેજ મારી પાસેથી વીંટી માંગી લઈ તેને આપત

એન્ટોનિયો—આ ટપાટપી અને વિરોધ મારે લીધે થયો છે. મારા બૅસૅનિયોને માટે મેં મારૂં માંસ સાનમાં મૂક્યું હતું. શેર માંસ કે જીવ કરતાંએ આબરૂ વધારે મૂલ્યવાન છે ચાલો ત્યારે, હું મારી આબરૂ સાનમાં મૂકી કહું છું કે મારો બૅસૅનિયો ફરી કદી બે વચની થશે નહિ.

પોર્શિયા—ત્યારે તમો બૅસૅનિયોના જામીન થાઓ છો? તમારા ઉપર મારો પૂરો ભરોસો છે. લો, આ વીંટી બૅસૅનિયોને તમારા હાથે આપો.

બૅસૅનિયોએ વીંટી લીધી તો ખરી, પણ તે તરફ ટગમગ આશ્ચર્યથી જોયા કર્યું. "આ શો ચમત્કાર આ તો તેજ વીંટી છે," આમ કહી પોર્શિયા તરફ જોયું. પોર્શિયાએ હસીને સર્વ હકીકત કહી. આ સાંભળી સર્વ આશ્ચર્ય પામ્યાં. ઍન્ટોનિયોએ પોર્શિયાનો પાડ માન્યો અને બોલ્યો "બેન પોર્શિયા, તમારો ઉપકાર મારા ઉપર સર્વદા રહેશે." પોર્શિયા બોલી, "તમો મુરબ્બીની સેવા બજાવવાને અમે બંધાયલાં છીએ." એટલામાં લોરેન્સો તથા શાઈલૉકની દીકરી જેસીકા ત્યાં આવી લાગ્યાં અને એન્ટોનિયોનાં સર્વ વહાણો સહીસલામત આવી પ્હોંચ્યાં છે એમ કહી આનંદમાં વધારો કર્યો.

ગ્રેશ્યાનો—નેરિસ્સા, મારો કોઇ જામીન થતો નથી, પણ તેની ચિંતા નહિ. હુંજ મારો પોતાનો જામીન થાઉં છું અને તને ખાત્રીથી કહું છું કે આ તારી વીંટી જો તું તારીજ પાસે રાખીશ તો હું કદી કોઇને તે આપીશ નહિ, અને બેવચની થઇશ નહિ. કેમ? આ ગોઠવણ ઠીક છે કેની?

આ નાનું પુસ્તક પ્રગટ કરવાનો ઉદ્દેશ એટલોજ છે કે આપણી પ્રજામાં સ્ત્રીનો દરજ્જો શો છે તેનું યોગ્ય જ્ઞાન ફેલાવવું. આપણામાં સ્ત્રીનો દરજ્જો પુરુષ કરતાં બહુ હલકો ગણવામાં આવે છે; સ્ત્રીઓ પોતે પોતાના વિષે હલકો વિચાર ધરાવે છે. જો સ્ત્રીઓને યોગ્ય કેળવણી મળે, જો તેઓ પત્ની તરીકે તથા માતા તરીકે પોતાનો દરજ્જો કેટલો ઉંચો છે તે જાણે, જો તેઓના દરજ્જાને છાજે એવું માન તેઓને પુરુષો આપે, તો આપણી પ્રજાની ઉન્નતિ તથા પ્રગતિ વહેલી થાય એમાં કશો સંશય નથી. પ્રાચીન હિંદુસ્તાનમાં પુરુષ પોતાની સ્ત્રીને **અર્ધાંગના** કહેતો. અર્ધાંગના ! અહા ! આ શબ્દમાં પ્રાચીન હિંદનો બધો ઇતિહાસ સમાઇ જાય છે; જે પ્રજામાં સ્ત્રીનો આવો દરજ્જો હતો તે પ્રજાનું ગૌરવ, કુલીનતા તથા મોટાઈ કેવી હોવી જોઇએ ! દુર્ભાગ્ય આપણું કે સ્ત્રીનો તે ઉંચો દરજ્જો આપણે ભૂલી ગયા છીએ ! કેળવાયલી માતાઓ દેશની ઉન્નતિ કરવામાં પુરુષો કરતાં વધારે ઉપયોગી થઈ પડે છે, કેમકે The hand that rocks the cradle rules the world.

કહે નેપોલિયન દેશને કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે દો માતાને જ્ઞાન.

સમાપ્ત.

ઈનામ તથા લાયબ્રેરી માટે મંજૂર

અજીત...	...૦–૧–૦
જાદુઈ દીવો	...૦–૧–૩
રત્નગઢનો બાળકુંવર	...૦–૧–૬
મહારાજા કનકકાન્ત	...૦–૧–૬
પર ધન મીઠી સમાન	...૦–૧–૬
નીતિની શિખામણો	...૦–૨–૦
વેનીસનો વેપારી	...૦–૩–૦
રંકનો રાજા	...૦–૨–૬
ધર્મનીતિબોધિની ભાગ પહેલો	...૦–૨–૬
નીતિશાસ્ત્રનાં મૂળતત્વો ભાગ પહેલો	...૦–૫–૦
" " ભાગ બીજો	...૦–[illegible]–૦
બાલપંચતંત્રની વાતો	...૦–૪–૦
ઘરમાં રમવાની રમતો	...૦–૫–૦
સમ્રાટ જ્યોર્જ	...૦–૬–૦
નીતિબોધ...	...૦–૭–૦
ગીતાંજલિ	...૦–૮–૦
સુદામાચરિત્ર	...૦–૮–૦
સદ્‌ઉપદેશ...	...૦–૧૦–૦
એડવર્ડનું જીવન ચરિત્ર...	...૦–૧૨–૦

કન્યાશાળા માટે

સતીમહિમા	...૦–૩–૦
પુત્રીશિક્ષા	...૦–૫–૦
વધૂબોધ...	...૦–૬–૦
રાંધણકળા...	...૦–૮–૦
ગૃહવ્યવસ્થા	...૦–૧૨–૦
મામેરૂં	...૦–૭–૦

સોલ એજન્ટ–મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ
બુકસેલર્સ, નાણાવટ–સુરત.